Letter No: JUMC/0294/06/2024 Dt: 10-06-2024


# જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશન

"સ્વામી વિવેકાનંદભવન" આઝાદચોક, જૂનાગઢ. - ૩૬૨૦૦૧
ફોન નં. ૦૨૮૫-૨૬૨૨૦૮૯ ફેક્સ નં. ૦૨૮૫-૨૬૫૧૫૧૦
ઈ-મેઈલ :- municipalcorporationjund@yahoo.co.in


નં.મ.ન.પા.જુ./એ.ડી.એમ./મહેકમ/પરીક્ષા/લહિયા-વળતર/જા.૨૯૦/૨૦૨૪ તા.૧૦/૬/૨૦૨૪

## લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સુધારા મુજબની સુચનાઓ

મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા સબંધિત જાહેરાતની જોગવાઈ મુજબ જાહેરાતમાં અરજી કરવાને પાત્ર ગણેલ હોય, તેવા Benchmark Disability ધરાવતા અને આકસ્મિક પરિસ્થિતીઓના કારણે હંગામી દિવ્યાંગતા ધરાવતા હોય તેવા લખવા માટે અક્ષમ/લખવામાં તકલીફ હોય તેવા ઉમેદવારોએ લહિયો/વળતર સમયની સુવિધા મેળવવા માટે નિયમો નં.મનપાજુ/એડીએમ/મહેકમ/પરીક્ષા/લહિયા-વળતર/જા.૧૫૬૩(એ)/૨૦૨૪ તા.૨૨/૩/૨૦૨૪ થી નક્કિ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે. જેની તમામ ઉમેદવારોએ ધ્યાને લેવી.

જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા હવે પછીથી યોજાનાર તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારે લહિયા/વળતર સમયની સુવિધા મેળવવા માટેનીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

(૧) **લહિયાની શૈક્ષણિક લાયકાત અંગે:** ભારત સરકારશ્રીના તા.૨૯ ઓગષ્ટ, ૨૦૧૮ ના ઓફિસ મેમોરેન્ડમની જોગવાઈ મુજબ લહિયાની શૈક્ષણિક લાયકાત સ્પર્ધાત્મક પરીક્ષાની નિર્ધારીત લઘુતમ શૈક્ષણિક લાયકાત કર્તા એક સ્ટેપ નીચે હોવી જોઇએ.

( ૨) **લહિયાની વયમર્યાદા અંગે:** ઉપર મુજબની શૈક્ષણિક લાયકાતની જોગવાઈ મુજબની કોઈપણ વ્યકિત વયમર્યાદા અંગેના કોઇ બાધ્ વગર લહિયા તરીકે રાખી શકાશે.

( ૩) વળતર સમય મર્યાદા અંગે: ભારત સરકારશ્રીના ઓફિસ મેમોરેન્ડમ નં.૩૪-૦૨/૨૦૧૫-DD-III તા.૨૯/૮/૨૦૧૮ મુજબ કલાક દીઠ ૨૦ મીનીટ વળતર સમય આપી શકાશે.

મહાનગરપાલિકા, જુનાગઢ દ્વારા અગાઉ તા.૨૨/૩/૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ લહિયા/વળતર સમયની સુવિધા આપવા અંગેની સુચનાઓની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

મ્યુનિસિપલ કમિશનર

મહાનગરપાલિકા, જુનાગઢ

Signature valid
Signed by:Dr. Om Prakash
Municipal Commissioner
Date: 2024.06.10 18:20:43 +05:30

File No: JUMC/DRecruit/e-file/343/2024/0538/Establishment
Approved By: Municipal Commissioner,Commissioner office,JUMC

Open the document in Adobe Acrobat DC to verify the E-sign